For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : કિરણ ઢોડિયા)



### મૃતકો

1. સૌરભ રામલોટ યાદવ (ઉં.વ.18) (રહે.,નંદની ટેક્સ્ટાઇલ, સાયણ સુગર પાસે, તા.ઓલપાડ)
2. વિકાસ છોટેલાલ વર્મા (ઉં.વ.18) (રહે.,કીમ ગામ, મુન્ના એજન્સી પાસે, તા.ઓલપાડ)
3. વિકાસ હીરાલાલ વર્મા (રહે.,સિવાણ ગામ, ભવાની કોમ્પ્લેક્સ, તા.ઓલપાડ)

### ગંભીર રીતે ઈજાગ્રસ્ત

અભિષેક ઇન્દ્રબલી વર્મા (બાઈકચાલક) (રહે.,નંદની ટેક્સ્ટાઇલ પાર્ક, સાયણ સુગર પાસે, તા.ઓલપાડ)

# કુડસદના રેલવે બ્રિજ પર અકસ્માત ત્રણ યુવકનાં મોત, એક ગંભીર

**બાઈક** સેફ્ટી વોલ સાથે અથડાતાં 50 ફૂટથી વધુ ઊંચા બ્રિજ પરથી ચાર યુવક પટકાયા

કીમ: ઓલપાડના કુડસદ ગામ નજીક આવેલા રેલવે ઓવરબ્રિજ પર મોડી રાત્રે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ યુવકનાં મોત નીપજતાં પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. એક જ બાઈક પર સવાર ચાર યુવકો બ્રિજની સેફ્ટી વોલ સાથે અથડાયા બાદ આશરે 50 ફૂટથી વધુ ઊંચાઈ પરથી નીચે પટકાયા હતા. આ દુર્ઘટનામાં ત્રણ યુવકોનાં મોત થયાં છે, જ્યારે બાઈકચાલક અભિષેક ઇન્દ્રબલી વર્મા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર માટે હોસ્પિટલ

...અનુસંધાન પાના ૯ પર

## સ્ટ્રીટ લાઇટ અને રેલિંગનો અભાવ કે બેદરકારી? તંત્ર સામે સવાલો

કુડસદના આ ઓવરબ્રિજ પર અગાઉ પણ અકસ્માતો બન્યા હોવાની રજૂઆતો વચ્ચે ત્રણ યુવકોનાં મોતની ઘટનાએ બ્રિજની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. સ્થાનિકો દ્વારા બ્રિજ પર પૂરતી સ્ટ્રીટ લાઇટ અને સુરક્ષિત રેલિંગની વ્યવસ્થા કરવાની માગ ઉઠાવવામાં આવી રહી છે. રાત્રિના સમયે વાહનચાલકો માટે જોખમી બનતા આ બ્રિજ પર અકસ્માતો અટકાવવા માટે સંબંધિત વિભાગે અત્યાર સુધી શું પગલાં લીધાં છે? શું બ્રિજની સુરક્ષા વ્યવસ્થાની યોગ્ય સમીક્ષા કરવામાં આવી હતી? ત્રણ યુવકોનાં મોત બાદ હવે તંત્ર જવાબદારી સ્વીકારીને કાર્યવાહી કરશે કે પછી વધુ એક દુર્ઘટનાની રાહ જોવાશે? હાલ કીમ પોલીસ દ્વારા અકસ્માત અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. અકસ્માતનું ચોક્કસ કારણ અને બ્રિજની સુરક્ષા વ્યવસ્થામાં કોઈ ખામી હતી કે નહીં તે તપાસ બાદ સ્પષ્ટ થશે.

## બ્રિજ પર તાત્કાલિક લાઇટ અને સુરક્ષિત રેલિંગ લગાવો

કુડસદ રેલવે ઓવરબ્રિજ પર પૂરતી સ્ટ્રીટ લાઇટ અને મજબૂત સુરક્ષિત રેલિંગની વ્યવસ્થા કરવાની સ્થાનિકોએ માંગ કરી છે. ત્રણ યુવકનાં મોતની ગંભીર ઘટના બાદ સંબંધિત વિભાગે સ્થળનું નિરીક્ષણ કરી સુરક્ષાની ખામીઓ દૂર કરવી જોઈએ. માત્ર તપાસ પૂરતી નથી; ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ અટકાવવા માટે તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે.

# કતારગામ, કાંસાનગરનો ફ્લાય ઓવરબ્રિજ તૈયાર, રવિવારે લોકાર્પણની સંભાવના



કતારગામથી અમરોલી જતા લોકો માટે ત્રાસમાંથી રાહતરૂપ રત્નમાલા જંકશન અને ગજેરા જંકશન ખાતે ફ્લાઈઓવર બ્રિજ અનેક માથાકૂટો બાદ હવે તૈયાર થયો છે. આ બ્રિજને ઝડપથી તૈયાર કરવા માટે પૂર્વ મેયર દક્ષેશ માવાણીએ ભારે જોર લગાડ્યું હતું. છેલ્લે સામાન્ય સભામાં પણ રજૂઆતો કરી હતી. જોકે, હજુ કેટલુક કામ બાકી છે. બની શકે કે રવિવારે મુખ્યમંત્રી સમય આપશે તો તે ખુલ્લો મુકાઈ જશે. આ બ્રિજને બનવામાં રેકોર્ડબ્રેક સમય લાગ્યો હતો. (તસવીર: સતીષ જાદવ)

**નવ દિવસ સુધી ગરબા રમ્યા ત્યારે કશું થયું નહીં પણ હવે**

# નવરાત્રિ પૂરી થતાં જ દુખાવા સાથે હોસ્પિ.માં દર્દીઓનો ધસારો

**નવરાત્રિમાં** ગરબા રમતી વખતે ઇજા પામેલા પણ સારવાર માટે પહોંચ્યા

**ગળામાં** દુખાવાની ફરિયાદવાળા દર્દીઓ સૌથી વધુ

**એક** જ દિવસમાં 20 ટકા સુધીનો વધારો

સુરત : નવરાત્રિના નવ દિવસ ગરબાની રમઝટમાં ઝૂમ્યા બાદ હવે લોકોમાં વિવિધ શારીરિક તકલીફો જોવા મળી રહી છે. નવરાત્રિ પૂર્ણ થતાં જ સુરતની નવી સિવિલ સહિતની સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં એક જ દિવસમાં અંદાજે 15થી 20 ટકાનો વધારો નોંધાયો છે. તેમાં પણ ગળામાં દુખાવો અને બળતરાની ફરિયાદ સાથે આવતા દર્દીઓની સંખ્યા સૌથી વધુ જોવા મળી રહી છે. ત્યારબાદ હાથ-પગ,

...અનુસંધાન પાના ૯ પર

## નવરાત્રિ પૂરી થયા બાદ અકસ્માતમાં ઇજાગ્રસ્ત બાઈકચાલક સિવિલમાં દાખલ

અમરોલી વિસ્તારમાં પરિવાર સાથે રહેતા 40 વર્ષીય રવિન્દ્ર પ્રેમલાલ પાટીલનો ગત 13મીએ કોસાડ આવાસ પાસે બાઈક અકસ્માત થયો હતો. અકસ્માતમાં ઇજા થતાં તેમણે પ્રાથમિક સારવાર લીધી હતી અને ત્યારબાદ હોસ્પિટલમાંથી રજા મેળવી હતી. જોકે, નવરાત્રિ પૂર્ણ થયા બાદ તેઓ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ થવા પહોંચ્યા હતા.

## સામસામે બાઈક અથડાતાં પગમાં ઇજા

પુણાગામ સ્થિત દાંડી રો હાઉસમાં પરિવાર સાથે રહેતા અને ડાયમંડ કંપનીમાં નોકરી કરતાં 31 વર્ષીય જયેશ બાબુભાઈ બામણીયાનો ગત 18મીએ સાયણ પાસે સામસામે બાઈક અથડાતા અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં તેમના પગમાં ઇજા થઈ હતી. પ્રાથમિક સારવાર બાદ તેઓ ઘરે ગયા હતા. નવરાત્રિ પૂર્ણ થયા બાદ તેઓ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા હતા.

# પોલીસના લોકઅપમાંથી રીઢો 'જાડિયો' ભાગી છૂટ્યો, કલાકોમાં ફરી જેલભેગો

**જહાંગીરપુરા** પોલીસ સહઆરોપીને પેશાબ માટે બહાર લઈ ગઈ હતી

**4 જ** મિનિટમાં જ તકનો લાભ લઈ ભાગી ગયેલો કુખ્યાત પ્રમોદ પાટીલને માતાવાડીમાંથી પકડાયો

સુરતઃ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનના લોકઅપમાંથી પોલીસની નજર ચૂકવીને ફરાર થઈ ગયેલા લૂંટ અને હુમલાના કુખ્યાત રીઢા આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં જ ફરીથી દબોચી લીધો છે. પોલીસ કસ્ટડીમાંથી ભાગી છૂટનાર પ્રમોદ ઉર્ફે જાડીયો જગદીશભાઈ પાટીલ માતાવાડી વિસ્તારમાં પોતાના મિત્રના ઘરે છુપાઈને બેઠો હોવાની બાતમી મળતા જ પોલીસે દરોડો પાડી તેને ઝડપી પાડ્યો હતો. આ સફળતાથી પોલીસ બેડાએ રાહતનો શ્વાસ લીધો છે.

ગત તા. ૧૭ ઓક્ટોબરના રોજ લૂંટ અને જીવલેણ હથિયારથી ઈજા પહોંચાડવાના ગંભીર ગુનામાં જહાંગીરપુરા પોલીસે ૨૧ વર્ષીય પ્રમોદ ઉર્ફે જાડીયો જગદીશભાઈ પાટીલ (રહે., આનંદપાર્ક સોસાયટી, વેડરોડ, મૂળ મહારાષ્ટ્ર) અને તેના સાથીદારને ઝડપી પાડ્યા હતા. કોર્ટે આરોપીઓના તા. ૨૦ ઓક્ટોબર સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા. ગત ૨૦ ઓક્ટોબરના રોજ વહેલી સવારે ૩:૨૧ વાગ્યાના સુમારે લોકઅપમાં બંધ સહ-આરોપીને પેશાબ માટે બહાર લઈ જવામાં આવ્યો હતો. આ જ તકનો લાભ ઉઠાવીને લોકઅપમાં એકલો પડેલો રીઢો ગુનેગાર પ્રમોદ ઉર્ફે જાડીયો

...અનુસંધાન પાના ૯ પર



# સોનગઢમાં હિન્દુ યુવકના ઘર પર પથ્થરમારો કરનારા વિધર્મીઓનો વરઘોડો કઢાયો

**સોશિયલ** મીડિયા પરની ટિપ્પણીના વિવાદમાં ઘર પર હુમલો કર્યાની ફરિયાદ

**20થી** 25 અજાણ્યા શખ્સો સહિત અનેક સામે ગુનો નોંધાયો

સોનગઢઃ સોનગઢના જૂનાગામ મુસ્લિમ ફળિયામાં સોશિયલ મીડિયા ટિપ્પણીના વિવાદને પગલે હિન્દુ પરિવારના ઘર પર પથ્થરમારો થયો હતો. 20 ઓક્ટોબર, 2026ના રોજ ગૌરવ ચૌધરીએ ઈન્સ્ટાગ્રામ પર કરેલી ટિપ્પણી દૂર કરી હોવા છતાં, મનદુઃખ રાખીને એકત્ર થયેલા ટોળાએ ઘર પર ઈંટો-પથ્થરો ફેંકી પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ મામલે બકુલભાઈ દયારામભાઈ ચૌધરીની ફરિયાદના આધારે સોનગઢ પોલીસ સ્ટેશનમાં જાવેદખાન પઠાણ, અબરાર પઠાણ, મુશરફ બાગવાન, હમજા અલ્લારખા, સાહીર પઠાણ અને ફરહાન મન્સુરી સહિત 20થી 25 જેટલા અજાણ્યા શખ્સો સામે શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા ગુજરાત પોલીસ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

...અનુસંધાન પાના ૯ પર

## મુસ્લિમ યુવકની કોમેન્ટનો હિન્દુ યુવકે વળતો જવાબ આપતાં મામલો ગરમાયો

તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર "Mujeebur130' નામના યુઝરે ગરબાના પંડાલને લઈને વાંધાજનક કોમેન્ટ કરી હતી. તેના જવાબમાં ગૌરવ ચૌધરીએ પણ ધર્મને લઈ આકરી પ્રતિક્રિયા આપી હતી. વાત આટલેથી ન અટકતાં સોશિયલ મીડિયા પર બંને તરફ પોસ્ટનો મારો થયો હતો. આ બાબતની અદાવત રાખી આશરે મુસ્લિમ યુવકો ગત મંગળવારે સાંજે છ વાગ્યાની આસપાસ મુસ્લિમ ફળિયામાં છેવાડે નદી કાંઠે આવેલા ગૌરવના ઘરે ધસી ગયા હતા. જ્યાં આ તમામ વિધર્મીઓએ ઘર પર ઈંટો અને પથ્થરો ફેંકી વાતાવરણ વધુ ગંભીર બનાવી દીધું હતું.

## આરોપીઓનાં નામ

વસીમ નાસીર શેખ (ઉં.વ.૨૧) (રહે.,સોનગઢ જૂનાગામ, મુસ્લિમ ફળિયું), ફરહાન નઈમ મંસુરી (ઉં.વ.૧૮) (રહે.,સોનગઢ જૂનાગામ, મુસ્લિમ ફળિયું), સાહીર અબ્બાસ પઠાણ (ઉં.વ.૩૦) (રહે.,સોનગઢ, જૂનાગામ, શાકભાજી માર્કેટ, જાવિદખાન યુસુફખાન પઠાણ (ઉં.વ.૪૩) (રહે.,સોનગઢ, હાથી ફળિયું), મુશરફ મુખ્તાર બાગવાન (ઉં.વ.૨૩) (રહે.,અમનપાર્ક સોસાયટી, સોડા ફેક્ટરીની પાછળ), હમઝા અલ્લારખ્ખા શેખ (ઉં.વ.૧૮) (રહે.,સોનગઢ જૂનાગામ, મુસ્લિમ ફળિયું), ફરહાન ઉર્ફે આદિલ ઇમ્તિયાઝ મન્સુરી (ઉં.વ.૨૨) (રહે.,ઇસ્લામપુરા, મદ્રેસા હોલ પાસે, સોનગઢ), તોસીફ યુસુફ ખાટીક (ઉં.વ.૨૮) (રહે.,જૂનાગામ મેઇન રોડ, શાકભાજી માર્કેટ), અલ્તાફ કૈયુમ મન્સુરી (ઉં.વ.૨૫) (રહે.,જુનાગામ મેઇન રોડ, શાકભાજી માર્કેટ), અબરાર પઠાણ (રહે.,જમાદાર ફળિયું, સોનગઢ), એક જુવેનાઇલ આરોપી

**ખાડીપૂરનો ઉકેલ આવે કે નહીં પરંતુ કમિટીઓ બનતી રહેશે તેવી સ્થિતિ**

# ખાડીપૂર: DPR બનાવનાર એજન્સીની કામગીરી ચકાસણી માટે નવી કમિટી

**મનપા**, DILR અને સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથેની આ નવી કમિટી એજન્સીના રિપોર્ટનું ક્રોસ વેરિફિકેશન કરશે

સુરતઃ સુરતમાં વારંવાર આવતા ખાડીપૂરનો ઉકેલ આવે કે નહીં પરંતુ તેના માટે કમિટીઓ જરૂર રચાઈ રહી છે. ખાડીપૂરના કાયમી ઉકેલ માટે એક ઉચ્ચસ્તરીય કમિટી બન્યા બાદ એજન્સીને ડીપીઆર બનાવવાની કામગીરી સોંપવામાં આવી હતી હવે જ્યારે ડીપીઆર તૈયાર થઈ ગયા છે ત્યારે તેની ગુણવત્તા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા નવી ખાસ કમિટીની રચના કરવામાં આવી છે. કન્સલ્ટન્ટ એજન્સી દ્વારા રજૂ થનારા રિપોર્ટમાં દર્શાવેલી વિગતોની કમિટી ક્રોસ વેરિફિકેશન કરશે. ખાસ કરીને ખાડીઓની વર્તમાન સ્થિતિ, ઉપલબ્ધ રેકોર્ડ, માપો અને નકશાઓની ફરી ચકાસણી કરવામાં આવશે તેવો દાવો કરાયો છે. જોકે, ખાડીપૂરનો ક્યારે ઉકેલ આવશે તેનો કોઈ જ ફોડ પાડવામાં આવતો નથી. એવો દાવો કરાયો છે કે ડીપીઆર બનાવવાની કામગીરીમાં રજૂ થતી વિગતો

...અનુસંધાન પાના ૯ પર

## ખાડી ડ્રેજિંગ અને કાંપના પરિવહન માટે 30 કરોડનાં ટેન્ડર તૈયાર

ખાડીપુર નિવારણ માટે છેલ્લા બે મહિના દરમિયાન સતત યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકો અને સ્થળ સમીક્ષા બાદ, હવે ટૂંકા ગાળાના આયોજનના ભાગરૂપે ખાડી ડ્રેજિંગની કવાયત ઝડપી બનાવાઈ છે. આ પ્રોજેક્ટ હેઠળ ખાડીની ઊંડાણપૂર્વક સફાઈ, કાંપ કાઢવો તેમજ તેના ટ્રાન્સપોર્ટેશન સહિત કુલ રૂ. 30 થી 31 કરોડનો અંદાજિત ખર્ચ નક્કી કરવામાં આવ્યો છે. મનપા દ્વારા ટેન્ડર દસ્તાવેજોને આખરી ઓપ આપી દેવાયો છે અને આગામી એક-બે દિવસમાં જ તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. માત્ર ખાડી ડ્રેજિંગ માટે રૂ. 24.82 કરોડનો મૂળ ખર્ચ અંદાજવામાં આવ્યો છે, જ્યારે ખાડીમાંથી નીકળતો કાંપ અને ગંદકી મનપા નિર્ધારિત પ્લોટ સુધી લઈ જવાનો વધારાનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઉમેરાતાં સમગ્ર પ્રોજેક્ટ રૂ. 30 થી 31 કરોડ સુધી પહોંચશે. આ આખા પ્રોજેક્ટમાં ખાડીમાંથી નીકળનારા વિપુલ પ્રમાણના કાંપનો નિકાલ ક્યાં કરવો તે તંત્ર માટે સૌથી મોટો પડકાર બની રહ્યો હતો. શરૂઆતમાં દરેક અસરગ્રસ્ત ઝોનમાં અલગ-અલગ પ્લોટ ફાળવવાની વિચારણા કરાઈ હતી, પરંતુ વ્યાવહારિક મુશ્કેલીઓને કારણે આ યોજના પડતી મુકાઈ હતી. ત્રણ દિવસની તીવ્ર મથામણ બાદ આખરે શહેરની બહાર એક ચોક્કસ પ્લોટ નક્કી કરવામાં આવ્યો છે, જ્યાં આ તમામ કાંપ ઠાલવવામાં આવશે.

# બલેશ્વરની અશોક આર્યન મિલમાં મશીન ફાટ્યું, 1નું મોત, 5 ઘાયલ

**અત્યંત** ઉકળતું પાણી અને મશીનના લોખંડના સ્પેરપાર્ટ્સ, પતરાં પડતાં કામદારોમાં નાસભાગ

પલસાણાઃ પલસાણાના બલેશ્વર ગામ સ્થિત અશોક આર્યન મિલમાં બુધવારે બપોરે મિલ પરિસરમાં અચાનક ચાલુ કામગીરી દરમિયાન સોપ્લો મશીન પ્રચંડ ધડાકા સાથે ફાટ્યું હતું. મશીન ફાટવાના કારણે અંદર રહેલું અત્યંત ઉકળતું પાણી કામદારો પર ફરી વળ્યું હતું અને મશીનના લોખંડના સ્પેરપાર્ટ્સ તેમજ ઉપર રહેલા પતરાના શેડનો કાટમાળ છૂટો પડીને કામદારો પર પડતાં નાસભાગ મચી ગઈ હતી. આ બ્લાસ્ટમાં ગંભીર રીતે દાઝી ગયેલા ૨૪ વર્ષીય પરપ્રાંતીય શ્રમિક યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય પાંચ શ્રમિકને નાની-મોટી ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ ખસેડાયા છે.


(તસવીર : ઈલ્યાસ શેખ)

## બે મહિલા સહિત ૫ શ્રમિક ઈજાગ્રસ્ત

આ અકસ્માતમાં આશિષ પટેલ ઉપરાંત અન્ય કામદારો પણ ગરમ પાણી અને કાટમાળની ઝપેટમાં આવી ગયા હતા, જેમાં વિશાલ વિષ્ણુ પટેલ (કુરમી) (ઉં.વ.૨૫) (મૂળ રહે.,બસાડી, જિ.મિરઝાપુર, યુપી; હાલ રહે.,બિલાલનગર, બલેશ્વર), મોહમ્મદ શબ્બીર એહમદ પઠાણ, મુસ્કાન મોહમ્મદ શબ્બીર પઠાણ, મંજુબેન રાલુ ચૌહાણ, સુરજા રણસીંગ મેહડા (તમામ રહે.,બલેશ્વર ગામ)નો સમાવેશ થાય છે. આ તમામ શ્રમિકોને શરીરે ઓછી-વત્તી ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર આપવામાં આવી રહી છે.

પોલીસ સૂત્રો અને ઘટનાસ્થળેથી મળતી વિગતો અનુસાર બલેશ્વર ગામની સીમમાં આવેલી અશોક આર્યન મિલમાં શ્રમિકો રોજિંદી કામગીરીમાં વ્યસ્ત હતા. દરમિયાન બપોરે આશરે ૧ વાગ્યાના સુમારે પ્રોસેસિંગ વિભાગમાં આવેલું સોપ્લો મશીન કોઈ અગમ્ય યાંત્રિક ખામી કે પ્રેશરના કારણે આકસ્મિક

...અનુસંધાન પાના ૯ પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦





**પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

સ્વ. ભગવાનભાઇ ગોવિંદભાઇ સોલંકી
સ્વ. તા. ૨૨-૧૦-૨૦૨૫

તમારો લાગણીભીનો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મીય લગાવ સતત યાદ આવે છે. તમારો પ્રેમાળ અને જીવંત વ્યક્તિત્વ અમારા સૌના હૃદયમાં જ છે. તમારો સ્નેહભીનો સ્વભાવ આજે પણ અમારી આંખો ભીંજવી જાય છે. પ્રભુ તમારા આત્માને અપાર શાંતિ આપે તેવી પ્રાર્થના.

લિ.
રાજેષભાઈ (જમાઈ) સ્મીતાબેન (દિકરી)
દિપેશભાઈ સોલંકી (જમાઈ) હેમાબેન સોલંકી (દિકરી)
પૌત્ર-પૌત્રી= કિંજલ, કૃપાલી, કૃપલ, હેન્ની, પ્રિયા, જશ, અથર્વ



**છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

સ્વ. પ્રવિણભાઈ ભવનભાઈ આહિર
સ્વ.તા. ૨૨/૧૦/૨૦૨૦

સમય સરી ગયો, વખત વહી ગયો, રહી ગઈ તમારા ખોટની વ્યથા અને વેદના કે જે ન કહેવાય ન સહેવાય, અમારા ચહેરાના આકારમાં, અમારી આંખના આંસુમાં, અમારી યાદોમાં, મીઠા સ્વપ્નોમાં, સમજણમાં તમે હજી છો.... હજી છો...
તમારા ચરણે ધરીએ અંજલિના ફૂલ, કેમ ચૂકવીએ આપના મૂલ, પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

લિ.
ગં.સ્વ.માનકોરબેન પ્રવિણભાઈ આહીર (પત્ની)
રાહુલકુમાર પ્રવિણભાઈ આહીર (પુત્ર)
બિનલ રાહુલકુમાર આહીર (પુત્રવધુ)
તેજશકુમાર પ્રવિણભાઈ આહીર (પુત્ર)
મિતાલી તેજશકુમાર આહીર (પુત્રવધુ)
રીકુંકુમારી અતુલભાઈ આહીર (પુત્રી)
(ખુશી, હિર, રીયાન્ક, વ્રજ)
મુ.પો. ભટલાઈ ગામ, તા. ચોર્યાસી, જી. સુરત.



**અનાવિલ અવસાન**

દિલગીરી સહ જણાવવાનું કે મારા પત્ની / માતા અ.સૌ. સ્વ. નિર્મલાબેન નટવરલાલ દેસાઈ નું તા. ૧૭/૧૦/૨૦૨૬ ને આસો સુદ સાતમ, શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

અ.સૌ. સ્વ. નિર્મલાબેન નટવરલાલ દેસાઈ
સ્વ. તા. ૧૭/૧૦/૨૦૨૬

સદ્‌ગતનું સંયુક્ત (પિયર પક્ષ) બેસણું તા. ૨૪/૧૦/૨૦૨૬ ને શનિવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે.
સ્થળ : દયાળજી આશ્રમ, સંસ્કાર ભવન (એ.સી. હોલ), ગ્રાઉન્ડ ફ્લોર, સુરત.

લી.
નટવરલાલ ગુલાબભાઈ દેસાઈ (પતિ)
પ્રજ્ઞેશ દેસાઈ (પુત્ર) | જયમિન દેસાઈ (પુત્ર)
મયુરી પ્રજ્ઞેશ દેસાઈ (પુત્રવધુ) | ફાલ્ગુની જયમિન દેસાઈ (પુત્રવધુ)
જય પ્રજ્ઞેશ દેસાઈ (પૌત્ર) | સ્મિત જયમિન દેસાઈ (પૌત્ર)
ધ્વની જય દેસાઈ (પૌત્રવધુ) | મનન જયમિન દેસાઈ (પૌત્ર)
રીયા સિધ્ધાર્થ દેસાઈ (પૌત્રી-જમાઈ)

પિયર પક્ષ :
આશીષ અરવિંદભાઈ દેસાઈ
બીપીનભાઈ ભીખુભાઈ દેસાઈ

(તા.ક.: પોત પડીકા, લૌકિક રિવાજ સંદતર બંધ છે.)